| | |
|---|---|
| ફાઈલ તારીખઃ | ૦૩/૦૭/૨૦૨૬ |
| દાખલ તારીખઃ | ૦૩/૦૭/૨૦૨૬ |
| ફેંસલ તારીખઃ | ૧૦/૦૭/૨૦૨૬ |
| અવધિઃ | વર્ષ માસ દિવસ |
| | ૦૦ ૦૦ ૦૭ |

**ત્રીજા એડીશ્નલ સેસન્સ અને સ્પેશ્યલ પોકસો કોર્ટ સમક્ષ, ભરૂચ.**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૫૩૪/૨૦૨૬**
**આંક–૧૦**

**અરજદારઃ–** **શાહરૂખ રૂસ્તમ ગોહીલ**
**ઉ.વ.–૨૮, ધંધો : – ડ્રાઈવીંગ**
**રહે. હલદર, તા.જી.ભરૂચ.**

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ–** **સ્ટેટ ઓફ ગુજરાત**
**વિષયઃ–** **બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી**

---

**અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રીઃ–** **એમ.એસ.મલેક**
**સામાવાળા તરફે વિ.એ.પી.પી.સુ.શ્રીઃ–** **જી.વી.વ્યાસ**

---

**<u>ચુકાદો</u>**

૧. અરજદાર/આરોપીના વિ.વકીલશ્રી તથા વિ.એ.પી.પી.સુ.શ્રીને સાંભળ્યા, આરોપી તરફે માર્ક–૩/૧ થી એફ.આઇ.આર.ની ખરી નકલ અને માર્ક–૩/૨ થી ચાર્જશીટની ખરી નકલ, માર્ક–૩/૩ થી ક્રિ.પ.અરજી. નં. ૪૦૬/૨૦૨૬ના હુકમની ઓનલાઇન નકલ રજુ કરેલ છે અને અરજદાર/આરોપી તરફે આંક–૦૯ થી પુરસીસ રજુ કરેલ છે અને જણાવે છે કે, પોકસો કેસ નં. ૧૩/૨૦૨૬ના કામે તા.૦૬/૦૭/૨૦૨૬ ના રોજ ઇ.પી.કો.કલમ– 363,366,354(A)(1)(i)

(ii) ના ભંગ બદલ કલમ– 354(A)(2), 354(D)(1)(i)ના ભંગ બદલ કલમ– 354(D)(2), 376(1), 376(2)(j), 376(2)(n), 376(3), 450 તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમની કલમ– 3(a) ના ભંગ બદલ કલમ– 4(2), 5(l) ના ભંગ બદલ કલમ– 6(1), 11(1)(4)(6) ના ભંગ બદલ કલમ– 12 મુજબનો ચાર્જફ્રેમ કરેલ છે તે મુજબ પણ જામીન અરજીમાં કલમો ગણવા વિનંતી કરે છે અને આંક–૦૫ થી ભોગબનનાર તરફે ભોગબનનારની માતાની તથા આંક–૦૬ થી ભોગબનનારના માતા(ફરીયાદી) તથા ભોગબનનારના પિતા તરફે વાંધા પુરસીસ રજુ કરેલ છે અને આંક–૦૭ થી આઇ.ઓ. તરફે સોંગદનામું રજુ થયેલ છે જે ધ્યાને લીધું.

૨. અરજદાર/આરોપીના વિ.વકીલશ્રી તેની સુનાવણીમાં રજુઆત કરે છે કે, અરજદાર/આરોપીની ભરૂચ સીટી ''સી'' ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૦૧૨૬૦૩૧૪/૨૦૨૬ મુજબના ગુનાના કામે આઇ.પી.સી.ની કલમ–૩૬૩, ૩૫૪(ડી)(૧)(૨), ૩૫૪(ડી)(૨), ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૪૫૦ તથા પોકસો એકટની કલમ ૨૦૧૨ની કલમ–૩(એ), ૪(૨), ૫(એલ), ૬, ૧૧(૪), ૧૧(૬), ૧૨ મુજબનો ગુનો તા.૨૧/૦૩/ ૨૦૨૬ ના રોજ નોંધાતા અરજદાર/આરોપીની અટક કરી નામ.કોર્ટમાં રજુ કરેલ ત્યારબાદ નામ.કોર્ટે અરજદારનું વોરંટ ભરતા ત્યારથી અરજદાર/આરોપી જયુડીશ્યલ કસ્ટડીમાં છે અને અરજદાર/આરોપી તરફે જામીન અરજી દાખલ કરેલ જે જામીન અરજી નામદાર કોર્ટએ નામંજુર કરેલ ત્યારબાદ સદર કેસમાં તપાસ કરનાર અધિકારી ધ્વારા નામદાર કોર્ટમાં પોકસો કેસ નં.૧૩/૨૦૨૬ થી ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે અને ત્યારબાદ હાલની જામીન અરજી દાખલ કરેલ છે અને જણાવે છે કે, અરજદાર/આરોપી તદન નિર્દોષ છે અને અરજદાર/આરોપી વિરૂધ્ધ કોઇ પ્રથમ દર્શનીય કેસ નથી અને અરજદાર/આરોપી ગુનાના કામે સીધી કે આડકતરી રીતે સંડોવાયેલ નથી અને અરજદાર/આરોપીએ કોઇપણ પ્રકારનો ગુનો કરેલ નથી અને પોલીસે

ફરીયાદીની ખોટી હકીકતના આધારે અરજદાર/આરોપીને ખોટી અટક કરી ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે અને વધુમાં જણાવે છે કે, ફરીયાદીની ફરીયાદ હકીકત પરથી સ્પષ્ટ પણે જાહેર થાય છે કે, ભોગબનનાર અને અરજદાર/આરોપી પ્રેમસંબંધમાં હતા અને ફરીયાદીને તે બાબતનું સારુ ન લાગતા અને લોકોની ચઢવણીથી અરજદાર/આરોપી ઉપર ખોટી ફરીયાદ દાખલ કરી અરજદાર/આરોપીને ખોટી રીતે સંડોવી દીધેલ છે અને અરજદાર/આરોપી વધુમાં જણાવે છે કે, ફરીયાદમાં જણાવ્યા પ્રમાણે કોઇ ગુનાહીત કૃત્ય કરેલ હોય કે ભોગબનનાર સાથે કોઇ બળજબરીપુર્વક શરીર સંબંધ બાંધેલ હોય તેવું પ્રથમ દર્શનીય રીતે જણાઇ આવતું નથી તેમજ છેલ્લા ઘણાં સમયથી એકબીજાના પ્રેમમાં હોય જે વાત ફરીયાદીને સારી ન લાગતા તેઓએ અરજદાર/આરોપીનું ભવિષ્ય બગાડવા અરજદાર/આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરાવેલ છે અને કોઇપણ પ્રકારની ધાક ધમકી આપેલ નથી, ફકત અને ફકત લોકોની ચઢવણીથી ખોટા આક્ષેપો કરી અરજદાર/આરોપીને ફસાવેલ છે અને ભોગબનનાર જાતે અરજદાર/આરોપી સામે પ્રેમસંબંધ ધરાવતા હોય અને અરજદાર/આરોપી સાથે લગ્ન કરવાની જીદ કરતા હતા અને ભોગબનનનાર પોતાના માતા પિતાને મનાવવાની કોશીશ કરતા હતા પરંતુ ભોગબનનારના માતા પિતાને તે બાબત સારી ન લાગતા ફરીયાદીએ અરજદાર/આરોપી વિરૂધ્ધ ખોટી ફરીયાદ દાખલ કરાવેલ છે અને ભોગબનનાર અરજદાર/આરોપીને જણાવતા કે પોતે અરજદાર/આરોપી સાથે જ લગ્ન કરશે નહીં તો મરી જશે, ભોગબનનારની ઉંમર ૧૭ વર્ષ ઉપરાંતની ઉંમર હોય અને તે પોતાનું સારુ નરસુ સમજી વિચારી શકે તેમ હોય તેમજ ભોગબનનાર પોતાની મરજીથી અરજદાર/આરોપી સાથે પ્રેમસંબંધ ધરાવતા હતા પરંતુ ચઢવણી કરવાથી અરજદાર/આરોપી ઉપર ખોટી ફરીયાદ દાખલ કરાવેલ છે અને તપાસ કરનાર અમલદારે કોઇપણ જાતની તપાસ કર્યા સીવાય તથા તેનો સંપુર્ણ અભ્યાસ કર્યા સીવાય અરજદાર/આરોપીને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે અને વધુમાં જણાવે છે કે, અરજદાર/આરોપી ગરીબ વર્ગના ઇસમ હોય તેમજ હલદરના રહેવાસી છે અને જામીન અરજીમાં જણાવેલ સરનામે રહે છે

અને અરજદાર/આરોપી જયુડીશ્યલ કસ્ટડીમાં છે અને કેસ ચાલતા ઘણો સમય લાગી જાય તેમ છે અને આરોપી વધુ સમય જેલમાં રહે તો અરજદાર/આરોપીનું ભવિષ્ય બગડે તેમ હોય અને અરજદાર/આરોપીની ઉંમર નાની છે અને તપાસ પુર્ણ થઇ ગઇ છે, ચાર્જશીટ થઇ ગયેલ છે અને પુરાવા ફોડે તેમ નથી અને અરજદાર/આરોપીને જામીન મુકત કરવા વિનંતી કરે છે અને વધુમાં રજુઆત કરે છે કે, નામ.સુપ્રીમ કોર્ટનું સંજય ચંદ્રા વિ. સી.બી.આઇ, ૨૦૧૨(૧) જી.એલ.એચ પાન નં.૯૩ ના ચુકાદાનો સિધ્ધાંત પણ ધ્યાને લઇ અરજદાર/આરોપીને જામીન મુકત કરવા વિનંતી કરે છે અને અરજદાર/આરોપી નાસી ભાગી જાય તેમ નથી અને ટ્રાયલ દરમ્યાન નિયમીત હાજર રહેવાની બાંહેધરી આપે છે અને નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા રાજી ખુશી છે જેથી પણ અરજદાર/આરોપીને જામીન મુકત કરવા વિનંતી કરે છે.

૩. વિ.એ.પી.પી.સુ.શ્રી તેમની દલીલમાં જણાવે છે કે, આ કામે આઇ.ઓ.એ. આંક–૦૭ થી સોંગદનામું રજુ કરેલ છે અને ભોગબનનારએ આંક–૦૫ થી ભોગબનનાર તરફે ભોગબનનારની માતાએ અને ભોગબનનારની માતા અને પિતાએ આંક–૦૬ થી વાંધા પુરસીસ આપેલ છે અને વધુમાં જણાવે છે કે, અરજદાર/આરોપી સામે ભરૂચ શહેર સી ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૦૧૨૬૦૩૧૪/૨૦૨૬, આઇ.પી.સી. કલમ–354(D)(1)(ii) ના ભંગ બદલ 354(D)(2), 363, 366, 376(2)(n) ના ભંગ બદલ 376(3), 450 તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ-3(a)ના ભંગ બદલ 4(2), 5(l) ના ભંગ બદલ કલમ-6,11(4)(6) ના ભંગ બદલ કલમ-12 મુજબનો ગુનો નોંધાયેલ છે અને અરજદાર/આરોપીનો ગુનામાં રોલ જોવામાં આવે તો, ફરીયાદીની ૧૩ વર્ષ ૯ મહીનાની દિકરી કે જે ધોરણ-૦૯માં વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં અભ્યાસ કરતી હતી તે સમયગાળા દરમ્યાનમાં ઘરેથી સ્કુલે આરોપીની ઇકો ગાડીમાં જતી આવતી હોય

જેમાં આરોપીએ ભોગબનનારને લાલચ અને ચેનકેન પ્રકારે વાતો કરીને પ્રેમજાળમાં ફસાવી લઇ માર્ચ-૨૦૨૩માં ધોરણ ૯ની ફાઇનલ પરીક્ષાના પી.ટી.ના પેપરના દિવસે ઇકો ગાડીમાં હલદર ગામ ખાતે તેના ફ્રેન્ડના ઘરે લઈ જઇ શરીર સંબંધ બાંધી તથા ત્યારબાદ જુન-૨૦૨૩માં ભોગબનનારનું તેમના મામાના ઘરેથી ઇકો ગાડીમાં અપહરણ કરી તેના અન્ય ફ્રેન્ડના ઘરે લઈ જઇ શરીર સંબંધ બાંધી એક દિવસમાં પરત મુકી જઇ ત્યારબાદ પણ ભોગબનનારને અવાર નવાર મળવા બોલાવી ડ્રેસ, બ્રેસલેટ વિગેરે ભેટ સોગાદો આપી લલચાવી આરોપીએ ભોગબનનાર સાથે ફોનથી સંપર્કમાં રહી દેખરેખ રાખી પીછો કરી તથા ભોગબનનારના ઘરે પ્રવેશ કરી તા.૦૪/૧૨/૨૦૨૫ના રોજ શરીર સંબંધ બાંધી અવાર નવાર બળાત્કાર કરી ગંભીર ગુનો કર્યાનો આક્ષેપ છે અને વધુમાં વિ.એ.પી.પી.સુ.શ્રી રજુઆત કરે છે અને આરોપીએ પોતાના મોબાઇલ નં. ૯૯૨૫૮૩૨૨૯૧ થી ભોગબનનાર ધ્વારા વપરાશમાં લેવાચેલ મોબાઇલ નંબર xxx સાથે કુલ ૫૭૧ વાર કોલ કરેલા અને આવેલા જણાય છે અને આરોપીએ પોતાના મોબાઇલ નં. ૬૩૫૨૩૯૬૦૧૨ થી ભોગબનનાર ધ્વારા વપરાશમાં લેવાચેલ મોબાઇલ નંબર xxx સાથે કુલ ૦૩ વાર કોલ કરેલા અને આવેલાનું જણાય છે અને ભોગબનનારે પોતાના મોબાઇલ નંબર xxx થી આરોપીના મોબાઇલ નં. ૯૯૨૫૮૩૨૨૯૧ સાથે કુલ ૧૫૦૯ વાર કોલ કરેલા અને આવેલાનું જણાય છે અને તે રીતે આરોપી ભોગબનનાર સાથે સતત સંપર્કમાં રહેલ છે અને ભોગબનનારની ઉંમર ૧૩ વર્ષ ૯ મહીનાની અને ધોરણ ૦૯માં અભ્યાસ કરતી હતી તે સમયથી ભોગબનનારને પ્રેમસંબંધમાં ફસાવી પ્રેમસંબંધના નામે શારીરીક સંબંધ અવાર નવાર બાંધેલ હોય જેથી ભોગબનનારની સંમતી હોય તો પણ તેની કાયદાની દ્રષ્ટિએ આ સંમતીનું કોઇ મુલ્ય નથી જેથી અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો, સાહેદ પુરાવાને અસર થાય તેમ છે અને પુરાવા નાશ કરે તેમ છે, ગંભીર ગુનો છે અને આરોપી તરફે ટ્રાયલમાં લાંબો સમય લાગે તેમ છે તેવી દલીલ કરે છે પરંતુ આ

કામે સાહેદોના પુરાવાના કેલેન્ડર પણ ગોઠવાઈ ગયેલ છે જેથી આરોપી તરફેની તે દલીલ ટકે નહીં અને પ્રેમ સંબંધ છે એનો મતલબ એવો નથી કે ભોગબનનાર સાથે પ્રવેશ જાતીય હુમલો, ગંભીર પ્રવેશ જાતીય હુમલો અને વારંવાર બળાત્કાર કરવો અને ભોગબનનારની ઉંમર બનાવ વખતે ૧૩ વર્ષ ૯ મહીનાની હતી અને જો આરોપીને જામીન મુકત કરવામાં આવે તો ભોગબનનાર અને સાહેદોને ફોડવાનો આરોપી પ્રયત્ન કરે તેમ છે અને આરોપી નામ.સુપ્રીમ કોર્ટનો સંજય ચંદ્રા વિ. સી.બી.આઈ.નો ચુકાદો રજુ કરેલ છે તે આરોપીને લાગુ પડતો નથી જેથી જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરે છે.

૪. ઉપરોકત રજુઆત ધ્યાને લીધી અને આ કામે આઈ.ઓ.નું આંક-૦૭ થી સોંગદનામું રજુ થયેલ છે અને આંક-૦૫ થી ભોગબનનાર તરફે ભોગબનનારની માતાએ વાંધા પુરસીસ રજુ કરેલ છે અને ભોગબનનારની માતા ફરીયાદી છે અને આંક-૦૬ ભોગબનનારની માતા અને ભોગબનનારના પિતાએ વાંધા પુરસીસ રજુ કરેલ છે અને તેમાં આરોપીને છોડવા સામે વાંધો હોવાનું જણાવે છે અને બનાવ અને આરોપીનો રોલ જોવામાં આવે તો, ભોગબનનાર ધોરણ ૯માં સ્કુલમાં અભ્યાસ કરતી હતી ત્યારે સ્કુલે અભ્યાસ કરવા જતી ત્યારે બનાવવાળા સમયે બનાવવાળી જગ્યા ભોગબનનારના ઘરેથી આરોપી ભોગબનનારને સ્કુલે લેવા મુકવા જતા હતા ત્યારે ઈ.કો. ગાડી લઈને આવતો અને તેમાં ભોગબનનાર તથા અન્ય બાળકો સ્કુલે આવતા જતા અને સ્કુલનો સમય સવારે ૭.૦૦ વાગ્યાથી બપોરના ૧૨.૩૦ વાગ્યાનો હતો અને આરોપી ભોગબનનારના ઘરે સવારે ૬.૩૦ એક વાગ્યા આસપાસ લેવા આવતો અને ભોગબનનાર આરોપીની ઈકો ગાડીમાં સ્કુલે જતાં અને આરોપી ભોગબનનારને ઈકો ગાડીમાં લેવા મુકવા આવતો અને ભોગબનનાર સાથે વાતચીત મજાક મસ્તી કરતો અને ઈકો ગાડીમાં જવાનું શરૂ કર્યું તેના ચાર પાંચ મહીના પછી બનાવવાળી જગ્યાએ બનાવવાળા સમયે આરોપી ઈકો ગાડી ચલાવતો હતો અને ભોગબનનાર તેની બાજુની શીટમાં બેસેલ અને આરોપી જાણતો હતો કે

ભોગબનનાર સગીર છે અને સંમતી આપવા સક્ષમ નથી છતાં જાતીય ઈરાદાથી ભોગબનનારને લાઈક કરતો હોવાનું આરોપીએ જણાવેલ અને તે રીતે ભોગબનનારને લલચાવેલ, ફોસલાવેલ અને ભોગબનનારને બે દિવસ પછી રીપ્લાયમાં એક કાગળમાં ૧૪૩ લખીને આપેલ ત્યારબાદ આરોપી ભોગબનનારને ઈકો ગાડીમાં સ્કુલે લેવા મુકવા આવતો ત્યારે ભોગબનનારને કહેતો કે કેમ રહયો દિવસ? મોડુ કેમ થયું? આજે શું કર્યુ? તેવી તથા પ્રેમની વાતચીત કરતો અને ભોગબનનાર નવમાં ધોરણમાં હતી ત્યારે માર્ચ મહીનામાં ફાઈનલ એકઝામ હતી ત્યારે ૧૨ વાગે ભોગબનનાર ઘરે જતી હોય જેથી કોમ્પ્યુટરના પેપરના દિવસે પેપર પુરૂ થયા બાદ આરોપી ભોગબનનારને તેમના(આરોપી)ના ઘરે લઈ ગયેલ, ત્યાં પાંચેક મીનીટ બાદ તેમના અન્ય મિત્ર સોહમના ઘરે બનાવવાળી જગ્યાએ અને બનાવવાળા સમયે લઈ ગયેલ ત્યાં આરોપીએ ભોગબનનાર સાથે વાતચીત કરેલ અને ફીઝીકલ રીલેશન બાંધવાનું કહેલ તે રીતે ભોગબનનારનો આરોપીએ જાતીય ઈરાદાથી સંપર્ક કરેલ અને જાતીય સતામણી કરેલ અને ભોગબનનારે ના પાડેલ તો આરોપી ભોગબનનારને ઘરે મુકી ગયેલ અને પરીક્ષા શરૂ હતી તે દિવસોમાં પી.ટી.નું પેપર પુરૂ થયા બાદ જાતીય ઈરાદાથી ભોગબનનારને તેના(આરોપીના) મિત્રના ઘરે બનાવવાળી જગ્યાએ અને બનાવવાળા સમયે લઈ ગયેલ અને તે રીતે ભોગબનનારને લલચાવી ફોસલાવીને લઈ ગયેલ અને ભોગબનનારને તેના કાયદેસરના વાલીપણામાંથી તેના વાલીની સંમતી વગર લઈ ગયેલ અને આરોપી જાણતો હતો કે ભોગબનનાર સગીર છે સંમતી આપવા સક્ષમ નથી છતાં આરોપી એ તેના(આરોપીના) મિત્રના ઘરે ભોગબનનાર સાથે બળાત્કાર કરેલ અને પ્રવેશ જાતીય હુમલો કરેલ અને ત્યારે આરોપી ભોગબનનારને ભોગબનનારના ઘરે મુકી ગયેલ ત્યારબાદ બનાવવાળા સમયે જુન ૨૦૨૩માં રાત્રીના આરોપીને ભોગબનનારએ ફોન કરીને બોલાવેલ ત્યારે આરોપી ઈકો ગાડી લઈને આવેલ અને ભોગબનનાર સગીર હોવા છતાં અને સંમતી આપવા સક્ષમ નથી તેવુ જાણવા છતાં ભોગબનનારનું ઈકો ગાડીમાં ભોગબનનારના વાલીની કાયદેસરની સંમતી વગર ભોગબનનારને આરોપી અપહરણ કરીને લઈ

ગયેલ અને ફ્રેન્ડના ઘરે લઈ જઈ ત્યાં બનાવવાળી જગ્યાએ અને બનાવવાળા સમયે આરોપીએ ભોગબનનાર ઉપર બળાત્કાર, પ્રવેશ જાતીય હુમલો અને ગંભીર પ્રવેશ જાતીય હુમલો કરેલ અને ત્યારબાદ આરોપી ભોગબનનારને ઘરે મુકી ગયેલો, ત્યારબાદ ત્રણ ચાર મહીના પછી ભોગબનનારે પોતાના મમ્મીના ફોનમાંથી આરોપીને ફોન કરતા આરોપી આવેલ અને ભોગબનનારને તે સગીર હોવા છતાં સંમતી આપવા સક્ષમ નથી તેવુ જાણવા છતાં ભોગબનનારના વાલીની સંમતી વગર આરોપી ભોગબનનારને લઈ ગયેલ અને તે રીતે અપહરણ કરેલ અને ભોગબનનાર સાથે આરોપી સતત અને વારંવાર ફોન ઉપર વાત કરતો અને તે રીતે ભોગબનનાર આરોપી ફોન ઉપર સતત વાત કરતો અને જાતીય ઈરાદાથી તે રીતે આરોપી ભોગબનનાર સાથે ઈલેક્ટ્રોનીક રીતે અને રૂબરૂ સતત સંપર્કમાં રહેતો અને ભોગબનનારની તે રીતે ફોન ઉપર સતત દેખરેખ રાખતો અને આરોપી ભોગબનનારનો સતત પીછો કરતો અને આરોપીએ ભોગબનનારને ફોનનું રીચાર્જ કરાવી દીધેલ તેમજ આરોપી ભોગબનનારના ઘર પાસે ભોગબનનારને ડ્રેસ દેવા આવેલ અને ડીસેમ્બર ૨૦૨૫ના રોજ આરોપીએ ગુનો કરવાના ઈરાદે ભોગબનનારના ઘરમાં આવેલ અને ભોગબનનાર સગીર છે, સંમતી આપવા સક્ષમ નથી તેવુ જાણવા છતાં આરોપીએ તા.૦૪/૧૨/૨૦૨૬ના રોજ ભોગબનનારના ઘરમાં ભોગબનનાર ઉપર બળાત્કાર કરેલ, પ્રવેશ જાતીય હુમલો કરેલ, ગંભીર પ્રવેશ જાતીય હુમલો કરેલ અને આરોપીએ જાતીય ઈરાદે ભોગબનનારને લલચાવા અને ફોસલાવા માટે ભોગબનનારને ચાંદીનું બ્રેસલેટ પણ ગીફટમાં આપેલ અને તે રીતે આરોપીએ ભોગબનનારને લલચાવીને ભોગબનનાર જોડે સતત સંપર્કમાં રહી ભોગબનનારની જાતીય ઈરાદાથી જાતીય સતામણી કરેલ અને ભોગબનનાર સાથે બળાત્કાર, પ્રવેશ જાતીય હુમલો અને ગંભીર પ્રવેશ જાતીય હુમલો કરેલ અને આ કૃત્ય કરેલ ત્યારે ભોગબનનારની ઉંમર ૧૩ વર્ષ ૯ માસની હતી ત્યારે પણ આરોપીએ આ ગુનાહીત કૃત્ય ભોગબનનાર સાથે કરેલ અને આરોપી સામે ઈ.પી.કો.કલમ– 363,366,354(A)(1)(i)(ii) ના ભંગ બદલ કલમ– 354(A)(2), 354(D)(1)(i)ના ભંગ બદલ કલમ–354(D)(2), 376(1),376(2)

(j),376(2)(n),376(3),450 તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમની કલમ– 3(a) ના ભંગ બદલ કલમ– 4(2), 5(l) ના ભંગ બદલ કલમ– 6(1), 11(1)(4)(6) ના ભંગ બદલ કલમ–12 ગુનાનો આક્ષેપ છે અને પ્રેમ સંબંધ છે તેવી જે આરોપી તરફેની દલીલ છે તેનો અર્થ એવો નથી કે ભોગબનનાર સાથે પ્રવેશ જાતીય હુમલો, ગંભીર પ્રવેશ જાતીય હુમલો અને વારંવાર બળાત્કાર કરવો અને જાતીય સતામણી કરવી અને ભોગબનનારની ઉંમર ગુનાની શરૂઆત વખતે ૧૩ વર્ષ ૯ માસની હતી અને ત્યારથી આરોપીએ ભોગબનનારને લલચાવી,ફોસલાવીને ઉપરોકત ગંભીર ગુનો કર્યાનો આક્ષેપ છે અને પ્રથમ દર્શનીય રીતે ગંભીર ગુનો છે અને જો અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો સાહેદ પુરાવાને ગંભીર અસર થાય તેમ છે અને સગીર ઉંમરની ભોગબનનારની સંમતી એ કાયદાથી સંમતી ન કહેવાય તે હકીકતને પણ ધ્યાને લેવામાં આવે અને ચાર્જશીટ થવાથી આરોપી સામે સબળ પુરાવા આવેલ છે તે હકીકતને પણ સાથે ધ્યાને લેતા અરજદાર/આરોપીએ નામ.સુપ્રીમ કોર્ટ નો સંજય ચંદ્રા વિ. સી.બી.આઇ.ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે તે ચુકાદાની હકીકત પણ સાથે ધ્યાને લેતા તે ચુકાદો આરોપીને મદદરૂપ થતો નથી અને આ કામે આરોપી તરફે ટ્રાયલ ચાલતા લાંબો સમય લાગે તેવી દલીલ કરેલ છે પરંતુ આ કામે સાહેદોનું કેલેન્ડર પણ ગોઠવાયેલ છે તે હકીકતને પણ સાથે ધ્યાને લેવામાં આવે તો આરોપી તરફે ટ્રાયલ ચાલતા લાંબો સમય લાગે તેવી જે દલીલ છે તે ટકવાપાત્ર જણાતી નથી જેથી કરેલ ચર્ચાને ધ્યાને લેતા અરજદાર/આરોપીને જામીન મુકત કરવા ન્યાયી જણાતું ન હોય અને જામીન અરજી નાંમજુર થવા પાત્ર હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

૧. અરજદાર/આરોપી શાહરૂખ રૂસ્તમ ગોહીલની જામીન અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

૨. આ હુકમની નકલ આઇ.ઓ./સંબંધીત પોલીસ સ્ટેશનને મોકલવી.

૩. આ જામીન અરજીનું રેકર્ડ પોકસો કેસ નં.૧૩/૨૦૨૬ ના કામ ના રેકર્ડ સાથે રાખવું અને જામીન અરજીના દાખલ રજીસ્ટરે નોંધ કરવી.

હુકમ આજ રોજ તા.૧૦ મી માહે જુલાઇ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૭/૨૦૨૬
ભરૂચ.

(હિતેશ હરીલાલ ગાંધી)
ત્રીજા એડી. સેસન્સ અને
સ્પે. પોકસો જજ, ભરૂચ.
(U.I.CODE-GJ00659)

P.P.Shah Guj Steno.